નવસારી જિલ્લાનું ધો.10નું 84.82 ટકા પરિણામ, A1 ગ્રેડમાં 644 વિદ્યાર્થી

રાગી પટેલ 98.17 ટકા

પ્રીત પટેલ 98.00 ટકા

ત્રીશા પટેલ 98.83 ટકા

વર્ષ-2023માં 64.75 ટકા, વર્ષ-2024માં 82.95 ટકા, પરિણામમાં બે વર્ષમાં 20 ટકાથી વધુનો વધારો

નવસારીઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા ધોરણ 10નું 84.82 ટકા પરિણામ સાથે નવસારી જિલ્લો સમગ્ર રાજ્યમાં 15માં ક્રમે રહ્યો છે. જ્યારે નવસારી એબી સ્કૂલની વિદ્યાર્થીની ત્રિશા પટેલ સમગ્ર રાજ્યમાં અગ્રેસર રહી છે.

નવસારી જિલ્લામાં ધોરણ 10 માં 644 વિદ્યાર્થીઓએ એ-1 ગ્રેડ, 1939 વિદ્યાર્થીઓએ એ-2 ગ્રેડ, 2828 વિદ્યાર્થીઓએ બી-1 ગ્રેડ, 3429 વિદ્યાર્થીઓએ બી-2 ગ્રેડ, 3245 વિદ્યાર્થીઓએ સી-1 ગ્રેડ, 1593 વિદ્યાર્થીઓએ સી-2 ગ્રેડ અને 91 વિદ્યાર્થીઓએ ડી-ગ્રેડ મેળવ્યો હતો.

નવસારી જિલ્લામાં 16,234 વિદ્યાર્થીઓમાંથી 13,769 વિદ્યાર્થીઓ પાસ થતાં નવસારી જિલ્લાનું પરિણામ 84.82 ટકા આવ્યું છે. પરંતુ 2465 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ગત વર્ષ 2023માં ધોરણ 10 નું નવસારી જીલ્લાનું પરિણામ 64.75 ટકા હતું. જેમાં વધારો થતા ગત વર્ષ 2024 માં 82.95 ટકા હતું. ગત વર્ષ કરતા 1.87 ટકાનો વધારો થયો છે. જ્યારે 2 વર્ષમાં 20.07 ટકાનો વધારો થતાં નવસારી જિલ્લામાં શિક્ષણનું સ્તર સુધરી રહ્યું હોવાનું જણાયું છે.

જિલ્લામાં 6 કેન્દ્રનાં પરિણામમાં ઘટાડો

નવસારી : નવસારી જીલ્લામાં 6 કેન્દ્રોના પરિણામમાં ઘટાડો થયો છે. જેમાં અંબાબારી કેન્દ્રનું 21.83 ટકા, રૂમલા કેન્દ્રનું 5.23 ટકા, પીપલખેડ કેન્દ્રનું 4.26 ટકા, ઉનાઈ કેન્દ્રનું 2.59 ટકા, પ્રતાપનગર કેન્દ્રનું 0.28 ટકા અને મોટી વાલઝર કેન્દ્રનું 0.24 ટકા પરિણામમાં ઘટાડો થયો છે.

43 શાળાના તમામ વિદ્યાર્થી પાસ, 100 ટકા પરિણામ

નવસારી જિલ્લામાં ગત વર્ષે 35 શાળાઓએ 100 ટકા પરિણામ મેળવ્યું હતું. જ્યારે આ વર્ષે 43 શાળાઓએ 100 ટકા પરિણામ મેળવ્યું છે. જેથી આ વર્ષે 100 ટકા પરિણામ મેળવવામાં 8 શાળાનો વધારો થયો છે. આ વર્ષે એક પણ શાળાનું પરિણામ ઝીરો ટકા નથી આવ્યું. આ સિવાય 91 થી 100 ટકા પરિણામ ધરાવતી પર શાળાઓ, 80 થી 90 ટકા પરિણામ ધરાવતી 52 શાળાઓ, 71 થી 80 ટકા પરિણામ ધરાવતી 25 શાળાઓ, 61 થી 70 ટકા પરિણામ ધરાવતી 16 શાળાઓ, 51 થી 60 ટકા પરિણામ ધરાવતી 8 શાળાઓ, 41 થી 50 ટકા પરિણામ ધરાવતી 5 શાળાઓ, 31 થી 40 ટકા પરિણામ ધરાવતી 2 શાળાઓ, 21 થી 30 ટકા પરિણામ ધરાવતી 1 શાળા, 11 થી 20 ટકા પરિણામ ધરાવતી 2 શાળાઓ અને ઝીરો થી 10 ટકા પરિણામ ધરાવતી 1 શાળાનો સમાવેશ થયો છે.

નવસારીની એબી સ્કૂલની વિદ્યાર્થિની ત્રિશા પટેલે જિલ્લામાં ડંકો વગાડ્યો

નવસારીઃ ધોરણ 10 માં નવસારી જીલ્લામાં એ-1 ગ્રેડ મેળવનાર 644 વિદ્યાર્થીઓ પૈકી 224 વિદ્યાર્થીઓ એબી સ્કૂલના વિદ્યાર્થીઓ છે. જેમાં ત્રિશા પટેલે 600 માંથી 593 ગુણ સાથે 93.83 ટકા મેળવી સમગ્ર રાજ્યમાં અગ્રેસર રહી નવસારી જિલ્લાનો ડંકો વગાડયો છે. તેમજ એ-2 ગ્રેડ મેળવનાર 1939 વિદ્યાર્થીઓ 285 વિદ્યાર્થીઓ એબી સ્કૂલના છે. એબી સ્કૂલના 781 વિદ્યાર્થીઓમાંથી 780 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જ્યારે નવસારી એબી સ્કૂલ ગુજરાતી માધ્યમનું પરિણામ 100 ટકા અને અંગ્રેજી માધ્યમનું 99.63 ટકા પરિણામ આવ્યું છે. આ સિવાય ચીખલી એબી સ્કૂલનું ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનું 100 ટકા પરિણામ આવ્યું છે. જેથી એબી સ્કૂલ વિદ્યાર્થીઓએ ઐતિહાસિક પરિણામ મેળવી સમગ્ર રાજ્ય અને જિલ્લામાં ડંકો વગાડયો છે.

ફડવેલ કેન્દ્રનું સૌથી વધુ 94.29 ટકા, મરોલીનું સૌથી ઓછું 69.40 ટકા પરિણામ

ફડવેલ	94.29 ટકા
વાંસદા	93.07 ટકા
ગંગાપુર	91.36 ટકા
નવસારી	91.19 ટકા
ધામધુમા	91.09 ટકા
રાનકુવા	90.46 ટકા
મોટી વાલઝર	87.73 ટકા
દીગેન્દ્રનગર	87.66 ટકા
કાંગવઈ	87.01 ટકા
અમલસાડ	86.97 ટકા
પીપલખેડ	84.99 ટકા
ગણદેવા-ખારેલ	84.89 ટકા
રૂમલા	84.83 ટકા
ચીખલી	84.30 ટકા
બીલીમોરા	83.62 ટકા
ગણદેવી	82.98 ટકા
સીમલક	81.14 ટકા
ખેરગામ	79.60 ટકા
વિજલપુર	79.51 ટકા
લીમઝર	78.70 ટકા
ચોવીસી	78.23 ટકા
ખડસુપા	72.68 ટકા
અંબાબારી	69.65 ટકા
મરોલી	69.40 ટકા

રાજ્યમાં 8મા ક્રમ સાથે ડાંગ જિલ્લાનું ધોરણ-10નું પરિણામ 87.12 ટકા

2,638 વિદ્યાર્થી પાસ, A1 ગ્રેડમાં 28, A2 ગ્રેડમાં 276, B1 ગ્રેડમાં 470, B2 ગ્રેડમાં 709 વિદ્યાર્થી

સાપુતારાઃ આજરોજ એસ.એસ.સી બોર્ડનું જાહેર થયેલ પરીણામ પર નજર કરીએ તો ડાંગ જિલ્લાનું 87.12 ટકા પરિણામ સાથે ગુજરાતમાં આઠમા ક્રમાંકે આવ્યો છે. ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી જીગ્નેશ ત્રિવેદી પાસેથી મળતી વિગતો અનુસાર ડાંગ જિલ્લામાંથી ધોરણ-10 એસ.એસ.સી બોર્ડની પરીક્ષામાં કુલ 11 પરીક્ષા કેન્દ્રો પર 3028 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 2638 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે 390 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ડાંગ જિલ્લામાંથી ધોરણ 10નાં પરીણામમાં A1 ગ્રેડમાં 28, A2 ગ્રેડમાં 276, B1 ગ્રેડમાં 470, B2 ગ્રેડમાં 709, C1 ગ્રેડમાં 781, C2 ગ્રેડમાં 358,, જ્યારે D ગ્રેડમાં 16 વિદ્યાર્થીઓ આવ્યા છે.

100 ટકા પરિણામ મેળવનારી 23 શાળા

જનતા હાઇસ્કુલ શામગહાન, સરકારી માધ્યમિક શાળા લહાનચર્યા (RMSA), એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ માલેગામ, સરકારી માધ્યમિક શાળા મોરઝીરા, એકલવ્ય મો.રે. શાળા ચિંચલી, સરકારી માધ્યમિક શાળા પીપલપાડા, એકલવ્ય મો.રે, શાળા ગારખડી, સરકારી માધ્યમિક શાળા ચિચિનાગાંવઠા, એકલવ્ય મો.રે. શાળા મહાલ, સરકારી માધ્યમિક શાળા ગારખડી,આદર્શ નિવાસી (કન્યા) શાળા સાપુતારા, સરકારી માધ્યમિક શાળા માળગા, સંત અન્ના રેસે.અંગ્રેજી મીડીયમ સ્કૂલ સાપુતારા, સરકારી માધ્યમિક શાળા લવચાલી, સેવન્થ ડે ઈ.મિ. સ્કૂલ આહવા, સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર માલેગામ, દીપ દર્શન ઈ.મિ.મા. શાળા આહવા(ENG), ઉ.બુ.વિદ્યાલય ચિચપાડા, માધ્યમિક અને ઉ.મા શાળા મહાલ, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ આહવા, એકલવ્ય બાલિકા નિવાસી કન્યા શાળા સાપુતારા, એકલવ્ય મો.રે. શાળા સાપુતારા, એકલવ્ય મો.રે. શાળા બારીપાડા.

ડાંગ જિલ્લાના ટોપર્સ વિદ્યાર્થીઓ

(1)ગામીત રોહનકુમાર હિતેશભાઈ - 95.67 ટકા- એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ ચિંચલી

(2)બંગાળ અસ્મિતાબેન દિલીપભાઈ- 94.83 ટકા- એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ ગારખડી

(3)ઠાકોર તન્વીકાબેન દિપકભાઈ- 94.83 ટકા- દીપદર્શન મા. અને ઉ.મા શાળા આહવા

(4)પટેલ સોનલબેન વિજયભાઈ- 94 ટકા- એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ

વાંસદા તાલુકાની છેવાડાની શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ સાથે મેદાન માર્યું

પ્રતાપ હાઈસ્કૂલ વાંસદા ધો.10 નું 88.27% પરિણામ

વાંસદાઃ વાંસદામાં એસ.એસ.સી. માર્ચ 2025 ના વિવિધ શાળાઓના પરિણામ જાહેર થયા હતા. જેમાં શ્રી પ્રતાપ હાઈસ્કૂલ વાંસદા ધો.10 નું 88.27% પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ગાંવિત સ્મિત સુનિલભાઈ 94%, બીજા ક્રમે બારૈયા નૈતિકસિંહ પરેશભાઈ 93%, પ્રજાપતિ રણજીત જયકુમાર 93%, ત્રીજા ક્રમે ગાંવિત ભાવીનીકુમારી સુનિલભાઈ 91% મેળવ્યા હતા. શ્રી જે.બી. પંચાલ મા. અને ગરાસીયા જમનાબા ઉ.મા. શાળા લિમઝરનું 78.70% પરિણામ આવ્યું હતું. જેમા પ્રથમ પટેલ જેનીલ સતિષભાઈ 91%, બીજા ક્રમે ભોયા રોહિણી રાજેશભાઈ 86.67 %, ત્રીજા ક્રમે કુરકુટીયા નેહાલી ચંદુભાઈ 86.50% મેળવ્યા હતા. શ્રી એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડ નું 74.84 ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ભોયા હિતીક્ષા રવિન્દ્રભાઈ 83.33%, બીજા ક્રમે વળવી પ્રિયાંશીબેન મનોજભાઈ 78.17, ત્રીજા ક્રમે ગાવીત નિહારિકાબેન મોહનભાઈ 77.67 % મેળવ્યા હતા. માધ્યમિક ગ્રામ શાળા પ્રતાપનગરનું 77.62 ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પટેલ અંજલીકુમારી જયેશભાઈ 91.33%, બીજા ક્રમે પટેલ દ્રષ્ટિકુમારી મનોજભાઈ 89.33%, ત્રીજા ક્રમે આહિર બીનીબેન ધીરુભાઈ 89 % મેળવ્યા હતા. શ્રી સત્ય સાંઈ લક્ષ્મી મોહન વિદ્યાલય મહુવાસનું 100% પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પટેલ જીયા હિરેનભાઈ 89.33%, બીજા ક્રમે ચૌધરી હેત્સી દીપકભાઈ 85.33%, ત્રીજા ક્રમે પટેલ ઉર્વી અનિલભાઈ 84.50% મેળવ્યા હતા. આશા વિરેન્દ્ર મજમુદાર ઈંગલિશ એકેડમી વાંસદાનું 100% પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે જાદવ જીનલ સતિષભાઈ 90.33%, બીજા ક્રમે થોરાટ રોનક ભાવેશભાઈ 88.33%, ત્રીજા ક્રમે દલાલ પ્રિયાંશી ચિરાગ 87.83% મેળવ્યા હતા. નવયુગ ઈંગ્લિશ સ્કૂલ વાંસદાનુ 100% પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પટેલ રિયા પી., બીજા ક્રમે મકરાણી અક્ષાબાનું એલ., ત્રીજા ક્રમે પટેલ ક્રિશા એમ. રહી હતી. શેઠ શ્રી સી.પી. દેસાઈ હાઈસ્કૂલ સરાનું 70.64 ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ચૌધરી મીનાક્ષીબેન લક્ષ્મભાઈ 94.82 %, બીજા ક્રમે પટેલ ક્રિષ્નાબેન વિજયભાઈ 79.82%, ત્રીજા ક્રમે ચૌધરી નૈતિકકુમાર નિલેશભાઈ 78% મેળવ્યા હતા. પ્રજ્ઞા સૌરભ હાઈસ્કૂલ મનપુરનું 57.85 ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પવાર મંગેશભાઈ વસંતભાઈ 83%, બીજા ક્રમે પવાર કરીનાબેન જયંતીભાઈ 78.33%, ત્રીજા ક્રમે થોરાટ દિયાકુમારી પરેશભાઈ 78.16% મેળવ્યા હતા.

બીલીમોરાનું ૮૩.૬૨ ટકા, અમલસાડનું ૮૬.૯૭, ગણદેવીનું ૮૨.૯૮ ટકા, ખારેલનું ૮૪.૮૯ ટકા પરિણામ

વિદ્યાર્થીઓમાં પરિણામ બાદ કહીં ખુશી કહીં ગમનો માહોલ

બીલીમોરાઃ ધોરણ 10નું બીલીમોરા કેન્દ્રનું ૮૩.૬૨ ટકા, અમલસાડ કેન્દ્રનું ૮૬.૯૭, ગણદેવી કેન્દ્રનું ૮૨.૯૮ ટકા સાથે ખારેલ કેન્દ્રનું ૮૪.૮૯ ટકા પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવાયો હતો.

તે સાથે બ્રાઈટસ્ટાર સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ સાથે શાળામાં પ્રથમ તલરેજા દીક્ષા ૯૨.૧૬ ટકા, બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ, કોન્વેન્ટ સ્કૂલ ૯૯.૧૪ ટકા સાથે શાળામાં પ્રથમ દુધા મુવાઝ ઝબીરઅબ્બાસ ૯૫ ટકા, એલએમપી ૮૮.૫૧ ટકા સાથે શાળામાં પ્રથમ ઓમ ચંદ્રકાંત પટેલ ૯૫.૫૦ ટકા, અસ્પી કન્યા વિદ્યાલય ૯૩.૮૩ ટકા સાથે શાળામાં પ્રથમ પટેલ લીઝા રાજેશભાઈ ૯૬ ટકા, જે.જે મહેતા હાઇસ્કૂલ ૬૧.૫૪ ટકા સાથે શાળામાં પ્રથમ બુટીયા આકાશ ભુપેન્દ્રભાઈ ૮૫.૬૬ ટકા, ટાટા હાઇસ્કૂલ ૪૮.૩૮ ટકા સાથે શાળામાં પ્રથમ સોની આકાશ જનાર્દન ૮૪.૬૬ ટકા, એનસીએમ કન્યા વિદ્યાલય ૮૧.૬૭ ટકા સાથે શાળામાં પ્રથમ બીલીમોરીયા ગુંજનબેન ધર્મેશકુમાર ૯૫.૧૬ ટકા, વાણીયા મીલ હાઇસ્કૂલ ૭૦ ટકા સાથે શાળામાં પ્રથમ રાજપૂત ભાવેશ રામકુમાર ૭૮.૩૩ ટકા, એન.બી પટેલ હાઇસ્કુલ કેસલી ૮૪.૭૬ ટકા સાથે શાળામાં પ્રથમ થોરાટ નિમિશકુમારી હિતેન્દ્રભાઈ ૮૭.૮૩ ટકા, આર.એન નાયક સાર્વજનિક સ્કૂલ તથા ભારત દર્શન સરિખુરદ ૯૮.૦૨ ટકા સાથે શાળામાં પ્રથમ પટેલ શૈલી દિનેશભાઇ ૯૭ ટકા, બીસીજે સાર્વજનીક હાઇસ્કૂલ બીગરી ૯૬.૧૫ ટકા સાથે શાળામાં પ્રથમ પ્રિયાકુવરબા વિજયસિંહ વાઘેલા ૮૯ ટકા, બીકે પટેલ સાર્વજનિક હાઇસ્કૂલ અને શ્રીમતી રતનબેન ભગવાનભાઈ પટેલ હાયર સેકન્ડરી હાઇસ્કૂલ ગોઈન્ડી ભાઠલાનું ૮૬.૨૦ ટકા સાથે શાળામાં પ્રથમ પટેલ પ્રાચીકુમારી રાજેશભાઈ ૮૮ ટકા, અંબિકા હાઇસ્કૂલ ગડત ૮૩.૧૭ ટકા સાથે શાળામાં પ્રથમ શિખા જે પટેલ ૯૪ ૬૬ ટકા, ગઝદર સ્કૂલ ગણદેવી ૧૦૦ ટકા સાથે શાળામાં પ્રથમ નિશિથા એ. પટેલ ૯૬.૧૬ ટકા, ડી.આઇ. કે કન્યા વિદ્યાલય ગણદેવી ૮૩ ટકા સાથે શાળામાં પ્રથમ કુમારી હીર જયેશ પટેલ ૯૧ ટકા, એમ.જી.વશી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ધમડાછા ૧૦૦ ટકા સાથે શાળામાં પ્રથમ પટેલ જેની વિમલકુમાર ૮૬ ટકા, અને કેકે સાર્વજનિક સ્કૂલ ધમડાછા ૭૯.૫૬ ટકા સાથે શાળામાં પ્રથમ તલાવીયા ચેષ્ટા હિતેશભાઈ ૮૯.૧૭ ટકા. આવ્યા છે.

ચીખલી કેન્દ્રનું ધો.૧૦ નું ૮૪.30 ટકા પરિણામ

ધેજઃ ચીખલી તાલુકાની વિવિધ શાળાઓનું ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયું હતું. જેમાં ચીખલી કેન્દ્રનું ધો.૧૦ નું ૮૪.૩૦ ટકા પરિણામ આવ્યું છે.

સ્કૂલ	પરિણામ	પ્રથમ ક્રમ	દ્વિતીય ક્રમ
એમ.જી.વશી હાઇસ્કૂલ	૮૦ ટકા	રીમાબેન સુથાર ૯૪ ટકા	રિયા પટેલ ૮૯.૮૩ ટકા
આર.યુ.પટેલ સાર્વ.હાઇસ્કૂલ	૮૪.૨૧ ટકા	જીયા પટેલ ૭૧.૮૩ ટકા	ધ્રુવીકુમારી પટેલ ૬૫.૫૦ ટકા
ડી.એલ.કોન્ટ્રાક્ટર વિદ્યાલય	૮૩.૯૨ ટકા	નિલેશ જાદવ ૯૫.૧૬ ટકા	દીક્ષા પટેલ ૯૪.૫ ટકા
ઇટાલિયા હાઇસ્કૂલ	૬૯.૦૯ ટકા	ગ્રેસી પટેલ ૯૫.૩૩ ટકા	મીતલકુમારી ગામીત ૯૩.૧૬ ટકા
જાગૃતિ વિદ્યાલય	૮૧.૨૮ ટકા	રિધ્ધી દેશમુખ ૮૯.૩૩ ટકા	હીનલ પટેલ ૮૮.૫૦ ટકા
આઇસી દેસાઇ હાઇસ્કૂલ	૭૭.૧૧ ટકા	ક્રીષા પટેલ ૯૨.૩૩ ટકા	ડોલી લાડ ૯૨ ટકા
શાંતાબા વિદ્યાલય	૯૮.૧૮ ટકા	પ્રણવસિંહ પરમાર ૯૧.૮૩ ટકા	ભાવિકાબેન ચૌધરી ૮૭.૮૩ ટકા
મજીગામ શાળા	૯૭.૦૫ ટકા	નૈતિ પટેલ ૯૫.૧૬ ટકા	હેની પટેલ ૯૪ ટકા
કણભઇ નવયુગ મા.શાળા	૧૦૦ ટકા	ભૂમિ પટેલ ૯૬.૫૦ ટકા	ધ્રુવીકાબેન પટેલ ૯૫.૬૦ ટકા
સારવણી હાઇસ્કૂલ	૯૧.૫૪ ટકા	વૈભવીબેન પટેલ ૮૮.૬૬ ટકા	સોનલબેન પવાર ૮૬ ટકા
માંડવખડક શારદા વિદ્યાલય	૯૧.૮૩ ટકા	ઈશા ગાવિત ૮૫.૮૩ ટકા	વૈશાલી ડોકિયા ૮૦.૩૩ ટકા
એચ.ડી.સાર્વ.હાઇસ્કૂલ	૯૫.૦૪ ટકા	આર્યન પટેલ ૮૭.૬૬ ટકા	હેની પટેલ ૮૬.૧૬ ટકા
આદર્શ નિવાસી શાળા	૧૦૦ ટકા	પૂર્વી ગાવિત ૯૮.૧૭ ટકા	ક્રિષ્નાબેન ગાવિત ૯૨ ટકા
એ.બી.સ્કૂલ	૧૦૦ ટકા	રાગીબેન પટેલ ૯૮.૧૭ ટકા	એશાપટેલ ૯૮ ટકા
જય અંબે ઇન્ટ. સ્કૂલ	૯૪.૩૪ ટકા	પ્રિન્સ જીતેન્દ્રકુમાર પટેલ	નિશા દિપકભાઇ ભાદરકા

ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ 1.64 કરોડની ઉચાપતમાં વધુ એકની ધરપકડ

રૂમલા સીએસસીમાં કામ કરતાં કર્મચારીના બેંક ખાતામાં આઠ લાખથી વધુનું ટ્રાન્જેક્શન થયુંનું બહાર આવ્યું

ધેજઃ ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૧.૬૪ કરોડ રૂપિયાની ઉચાપતનો ગુનો નોંધાયાના એક મહિના બાદ પોલીસે બીજા એક આરોપીની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલ આરોપી ૨૦૧૮ થી ૨૦૨૪ દરમિયાન રૂમલા સીએસસીમાં કરાર આધારિત ફરજ બજાવતો હતો.

અત્રેની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં આઉટસોર્સિંગના કર્મચારીઓના પગાર તથા એજન્સીના ડુપ્લિકેટ બિલો બનાવી ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન કરાર આધારિત જુનિયર ક્લાર્ક સતીષ છનાભાઈ ભોયા (રહે., માંડવખડક, તા.ચીખલી, જિ.નવસારી) દ્વારા ૧.૬૪ કરોડ રૂપિયાની ઉચાપત કરી હોવાનું બહાર આવતા પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી હતી. બીજી તરફ અધિક્ષક સહિતના અધિકારી કર્મચારીઓના નિવેદન લઈ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ૨૦૧૮ થી ૨૦૨૪ દરમિયાન રુમલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટસોર્સિંગના કર્મચારી તરીકે ફરજ બજાવનાર વિમલ મહેન્દ્રભાઈ પાડવી (ઉ.વ.૨૯ રહે., રૂમલા બરડીપાડા, તા.ચીખલી) ના બેન્ક ખાતામાં અંદાજે આઠથી નવ લાખ રૂપિયાનું ટ્રાન્જેક્શન થયું હોવાનું બહાર આવતાં પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી હતી. આરોપી બિલ આપવા આવતો હતો ત્યારે ચીખલી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં સતીષ ભોયે સાથે મિત્રતા થઈ હતી.

ગુનો નોંધાયાના એક મહિના બાદ પોલીસે બીજા આરોપીની ધરપકડ કરી શકી છે. જોકે હજુ આરોપીની સંખ્યા વધી શકે તેમ હોય હોસ્પિટલ વર્તુળમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

નહેરમાં નાહતા ડૂબી ગયેલા મહુવાના યુવાનની લાશ અષ્ટગામથી મળી

નવસારીઃ સુરતના મહુવાના ઝેરવાવરા ગામે ગાંધીનગર ફળિયામાં રહેતા વિજયભાઈ મંગુભાઈ નાયકા (ઉ.વ. 40) ગત પમીએ નહેરમાં નાહવા માટે ગયા હતા. દરમિયાન નહેર પાસે લીલ જામી હોવાથી વિજયભાઈ લપસીને નહેરમાં પડી ગયા હતા. જેથી અન્ય લોકોએ નહેરના પાણીમાં વિજયભાઈની શોધખોળ કરી હતી. પરંતુ તેઓ મળ્યા ન હતા. પરંતુ ગત 6ઠ્ઠીએ રાત્રે નવસારી તાલુકાના અષ્ટ ગામે કેનાલ પાસેથી વિજયભાઈની લાશ મળી આવી હતી. ફાયરની ટીમે લાશ બહાર કઢાવી પી.એમ. અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. જયારે પોલીસે આ બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો વધુ તપાસ હાથ ધરી છે.

ચીખલી વાંકલના બે તળાવના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવા કેબિનેટ મંત્રીને રજૂઆત

ધેજઃ ચીખલીના વંકાલ ગામના બે તળાવના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવા માટે સ્થાનિક આગેવાન દ્વારા સાંસદને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

વંકાલ ગામના અગ્રણી અને જિલ્લા ભાજપના કિસાન મોરચાના હોદ્દેદાર દીપકભાઈ સોલંકી દ્વારા નવસારીના સાંસદ અને ભારત સરકારના કેબિનેટ મંત્રી સી.આર. પાટીલને લેખિતમાં ગામમાં વાણીયા તળાવ અને મોખા ફળિયામાં આવેલા બન્ને તળાવો મુખ્ય માર્ગ ઉપર હોવા સાથે આસપાસમાં રહેણાંક વિસ્તાર હોય તળાવની પાળે વોક-વે ઉપરાંત જન વિશ્રામ કુટિર તથા બેઠકની વ્યવસ્થા કરવા માટે જરૂરી ગ્રાંટ ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત તળાવની પાળે બારેમાસ લીલાછમ રહે તેવા ઘટાદાર વૃક્ષો અને ફૂલ છોડોનું પણ મોટા પાયે રોકાણ કરવામાં આવે તે માટે સામાજિક વનીકરણ વિભાગની જરૂરી સૂચના આપવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે.

ડાંગના ચિંચલી ગામની ૧૭ વર્ષીય સગીરા ગુમ થતાં અપહરણની ફરિયાદ

સાપુતારાઃ ડાંગના પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા તરફથી મળેલી એક અખબારી યાદી અનુસાર, ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનમા સમાવિષ્ટ ચિંચલી ગામની ૧૭ વર્ષીય કિશોરી ગુમ થઈ છે. અજય નામનો છોકરો ફરીયાદીની સગીર વયની દિકરીને લગ્ન કરવાની લાલચ આપી કાયદેસરની વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગુનો કર્યો છે. જે અંગે તેઓના વાલી દ્વારા આહવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે સગીરા સહિત આરોપીને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૨૪૬-૨૦૨૪

અરજદારઃ- વિનોદભાઈ જીવણભાઈ પટેલ, રહે. ગીતાનગર રેલ્વે સ્ટેશનની પાસે વાપી તા.વાપી

વિરૂધ્ધ

સામાવાળાઃ- તલાટી ક્રમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરીઓરવાડ, તા.પારડી જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણ ની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી વિનોદભાઈ જીવણભાઈ પટેલ, રહે. ગીતાનગર રેલ્વે સ્ટેશનની પાસે વાપી તા.વાપીજી.વલસાડનાએ તેમોના ફોઈદાનીબેન છનાભાઈ નું મરણ તા.૦૧/૫૨/૫૯૦૫ના રોજ મોજે- ઓરવાડ તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાચદાથી અજાણ હોઈ ભુલ અને ક્ષતયુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.તોમઓજી./જન્મ-મરણ/રજી.નં.૨૪૬-૨૦૨૪/૨૦૨૫

કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.

તા. પારડી જી. વલસાડ.

કોર્ટનો સિક્કો

કાર્યપાલક મેજીસ્ટ્રેટ પારડી

HDFC BANK We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૧૩ અને

જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૪૨ ખાતે છે.

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિકયોરિટીઝના